


## સલામી સવારની..

*ચીની પીઠબળે એ મક્કમ - શુદ્ધ ચાલે છે,*
*કચકચાવે દાંત 'આપણા' બુદ્ધ ચાલે છે.*
*મુક્તીની માંદી લોકશાહીમાં સસ્તી શહિદી -*
*નામ પાડયા વિના, કાશ્મીરમાં યુદ્ધ ચાલે છે.*

**હાઈકુ**

*ઉઘરાવે છે,*
*'ધન્યવાદ' - પ્રસ્તાવ -*
*માર ખાઈને...*

*લાગી ઉંઘઈ*
*અર્થતંત્ર ખોખલું -*
*કડડભૂસ...!?*

## ચિંતન

***ન ત્વરિતસ્ય નક્ષત્રપરીક્ષા ।***

**ઉપરોક્ત સૂત્ર ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**શીઘ્ર કાર્ય કરનારે ગ્રહો જોવાની જરૂર નથી.**

**આત્મવિશ્વાસ ધરાવતો મનુષ્ય ગ્રહો - નક્ષત્રો ના ચક્કરમાં નથી પડતો. તે પોતાના કાર્યનો આરંભ તત્કાળ કરે છે અને એને પૂર્ણ કરવા ભગીરથ પરિશ્રમ કરે છે. આથી સફળતા એને વરમાળા પહેરાવે છે.**

**કાલ કરે સો આજ કર, આજ કર, આજ કરે તો સબ, કેટલાક લોકો આળશુ હોય છે આળશને છુપાવવા 'કેટલાક લોકો આળશુ હોય છે આળશને છુપાવવા 'કાલ-પછી-હમણાં નહીં' ના બહાનાં નો બુરખો પહરાવે છે.**

**તો કોઈ વળી ગ્રહ-ચોઘડિયા - વાર - નક્ષત્રને આગળ કરી કાર્ય ઠેલે છે. જે મક્કમ પણે પોતાનાં ધ્યેય નિષ્ઠા પર આગળ વધે છે તેને 'સફળતા' મળે જ છે.**

## સુવિચાર

- હું એકલો છું, આ કામ કેવી રીતે કરી શકું ? એવું વિચારશો નહિં, જુઓ આકાશમાં સૂર્ય એકલો જ પ્રકાશે છે - **બોધિવૃક્ષ**
- એ સુખ જ આપણું બને છે, જેને આપણે સમજી શકીએ છીએ - **એસ. ભટ્ટાચાર્ય**
- દુર્ભાગ્યની કાંટાળી કેડીએ હિંમતપૂર્વક પત્ર મોકલનાર બીજાઓને માટે સાંત્વનાનાં ફૂલ વેરતો જાય છે - **જીવનપાથેય**
- સત્યના સમીપે માણસ મીણબત્તી બની જાય છે, અસત્યને સમીપે આગ જેવો - **કાંતિ ભટ્ટ**
- ધર્મ એટલે નીતિ અર્થાત સુનીતિથી રહેવું, વર્તવું. ઈશ્વર આજ્ઞા માથે ચડાવવી - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- ભક્તિ માંગો પણ ભક્તિમાં કશું ન માંગો - **સંત રોબિન**
- આજનું ઔષધ : આસંધ ના પાંદડા ને વાટી તેની પેસ્ટ બનાવી ઘા-ગુમડા પર બાંધવાથી રૂઝ જલ્દી આવે છે

***(સંકલન : દિપક વી. આશરા)***

## બોધકથા

નરસિંહ રાવ દિવેટિયા દક્ષિણ ભારતના આસિસ્ટન્ટ કલેકરટ હતા. ત્યારે લાઈબ્રેરીના એક સંચાલક આરોપી તરીકે રજૂ કરવામાં આવ્યો. તેનો ગુનો એ હતો કે તેણે અંગ્રેજ શાસન વખતે લાઈબ્રેરીમાં એનો પ્રિય નેતા લોકમાન્ય ટિળકની છબી દિવાલ પર લગાવી હતી.

ગોરા અમલદારે એને કડકમાં કડક સજા કરવાનું દબાણ દિવેટિયા સાહેબને કર્યું. પણ ગોરા અમલદારની વિરુદ્ધ જઈને પેલાને દિવેટિયા સાહેબે નિર્દોષ જાહેર કર્યો. ગોરો અમલદારો સમસમી ઉઠ્યા.

એ વર્ષમાં આવતી દિવેટિયા સાહેબની બઢતી અટકાવી દીધી. તેમ છતાં પોતાના સ્વાર્થને નહીં જોઈને તેઓ કાયમી સત્યના પક્ષે જ ઉભા રહેતા.

# યુદ્ધની આંતરરાષ્ટ્રીય આચારસંહિતાનું ઉલ્લંઘન

**તંત્રીસ્થાનેથી...**

યુદ્ધ અને પ્રેમમાં બધું જ જાયઝ છે - 'એવરી થિંગ ઈઝ ફૅર ઈન લવ ઍન્ડ વૉર' એ જુગજૂની લોકોક્તિ પાકિસ્તાનની બદનામ જાસૂસી સંસ્થા આઈએસઆઈ દ્વારા ભારતીય જવાનોને ફસાવી ગોપનીય માહિતી મેળવવાની 'હની ટ્રેપ' ઘટનામાં વધુ એક વાર સાચી પડતી લાગે. ખરેખર તો યુદ્ધ અને પ્રેમની પણ એક સુનિશ્ચિત આદર્શ આચારસંહિતા હોવી જોઈએ. એના પણ નિયમો હોવા જોઈએ. પરંતુ આવા નિયમો કાગળ ઉપર ઉતારાય તો પણ એનો અમલ કોણ કરશે ? પ્રેમીઓને જ્ઞાતિ, સમાજ, દેશ કે ઉંમરનાં બંધનોમાં બાંધી શકાતા નથી. રૂઢિચુસ્ત શીખ પરિવારની દીકરી અમૃતા વિધર્મી સાહિર લુધિયાવનવી પાછળ ઘેલી બને છે, એની અડધી ફૂંકીને ફેંકી દીધેલી સિગારેટનાં ઠૂંઠાં એને લિજ્જત બક્ષે છે. દિલીપકુમાર એમનાથી અડધી ઉંમરની સાયરાબાનુ પર ઓળઘોળ થઈ એની સાથે પરણી જાય છે. ગાંધી જેવા ગાંધીને ટાગોરની યુવાન ભત્રીજી સરલા દેવીમાં પોતાની 'આધ્યાત્મિક પત્ની' દેખાવા લાગે છે. પ્રેમ કોઈ જાતનાં બંધનો સ્વીકારતો નથી. પરિણીત પુરુષ કુંવારી કન્યા પર કે અનય્ પુરુષ સાથે પરણેલી સ્ત્રી પર મોહી પડે છે તો વળી પ્રેમ કરીને પરણેલાં યુગલો વચ્ચે કોઈ ત્રીજું જ પાત્ર પ્રવેશ કરે છે અને પ્રેમિકા એના નવા પ્રેમી સાથે મળીને જૂના પ્રેમી તથા હાલના પતિનો કાંટો કાઢવામાં લેશ પણ સંકોચ નથી અનુભવતી. આવા કિસ્સા છાશવારે છાપાંની હેડલાઈન બનતા રહે છે ત્યારે સરહદ પર એકાકી અને તનાવગ્રસ્ત જિંદગી જીવતા કોઈ જવાનને સરહદ પારથી બે મીઠા બોલ સાંભળવા મળે તો એ વારંવાર સાંભળવા લલચાય અને અને સમય મળ્યો ચૂપચાપ એને ભોગવી પણ લે તો એમાં નવાઈ ન જ લાગવી જોઈએ.

પરંતુ આ 'હ્યુમન વીકનેસ'ને જયારે દુશ્મન દેશ ગુપ્ત લશ્કરી માહિતી મેળવવા કામે લગાડે છે ત્યારે જુદી જ પરિસ્થિતિ સરજાય છે. પાકિસ્તાને આપણા દેશની રક્ષા કરી રહેલા જવાનોને યુક્તિપૂર્વક આવી 'હની ટ્રૅપ' - પ્રેમજાળમાં ફશાવી ઘણી ગુપ્ત માહિતી મેળવી હોવાનું બહાર આવ્યું છે. આ ઘણી શોચનીય બાબત છે. એવા જવાનો સામે કોર્ટ માર્શલની કાર્યવાહી થશે અને એમની કારકિર્દી પર પૂર્ણવિરામ લાગી જશે તે સાચું. પરંતુ એથી દેશને જે ભારોભાર નુકશાન પહોંચ્યું છે તે થોડું જ ભરપાઈ થઈ શકશે ? જયારે સીધી લડાઈમાં સામવો કરવાની હિંમત ન હોય ત્યારે દુશ્મન દેશ દ્વારા આવી 'હ્યુમન વિકનેસ' - માનવીય નબળાઈનો ગેરલાભ લેવાતો હોય તે શક્ય છે. યુદ્ધોનો ઈતિહાસ તપાસવામાં આવે તો આ કોઈ પહેરીવાર બનેલી ઘટનાઓ નથી. આ તો 'આગે સે ચલી આઈ' વિષકન્યા જેવી જ ઘટના છે. અલબત્ત, 'વિષકન્યા' જેની સાથે ચુંબન, સમાગમ કે સહશયન કરતી તેનું કાળક્રમે મૃત્યુ થતું જયારે અહીં તો માતબર વળતર લઈ પ્રોફેશનલ કૉલ ગર્લ્સ દ્વારા ભોળા ભારતીય જવાનોને ફસાવાઈ રહ્યા છે. આંતરરાષ્ટ્રીય યુદ્ધસંહિતા અન્વયે આપણો દેશ પાકિસ્તાન વિરુદ્ધ ફરિયાદ જરૂર કરી શખે છે પરંતુ જેની આવી નીતિમત્તા સાથે નાહવા-નિચોવવાનો સંબંધ નથી, એને એવી ફરિયાદ શી અસર કરવાની? યુદ્ધક્ષેત્રે સૈનિકોએ પણ એક વણલખી આચારસંહિતા પાળવી પડે છે. એથી જ કદાચ એમના સ્ટ્રેસ રિલીઝ માટે કશુંક માનવીય ઉપાય જેવું વિચારવાં જોઈએ. આભરૂ નેવે મૂકીને ચાલનારા પાડોશી દેશ માટે તો એક જ કહેવત લાગુ પાડી શકાય : લાતોં કે ભૂત બાતોં સેન હીં માનતે !

# પેથોલોજી - રેડિયોલોજી બંધ થઈ જશે...!




મેડીકલ ફિલ્ડમાં જે ફેરફારો એ.આઈ. (આર્ટીફિશિયલ ઈન્ટલીજન્સ) એટલે કે કોમ્પ્યુટરની કરામતથી જે ફેરફારો થવાના છે એ એટલા બધા મોટા હશે કે જેની કલ્પના કરવી પણ આપણા માટે અત્યારે અઘરી છે અને આ ફેરફારો કંઈ ૧૦૦ વર્ષ પછી નથી થવાના. ૫ થી ૧૦ વર્ષમાં આ ફેરફારો જોવા મળશે. જેમ પહેલા કોઈ એ કહેતું કે સમુદ્રમાં મોટા શહેરો હશે, ચંદ્ર ઉપર માણસો ફરવા માટે જશે. ત્યારે મગજમાં ઉતરતું નહીં. અરે ભાઈ આવું તો હોતું હશે ! અત્યારે ૧૨ ધોરણનાં છોકરાને આ વાત કરો તો એને કંઈ નવીનતા નહીં લાગે. એ તરત જ કહેશે હા આ શક્ય છે. અરે આ તો બહુ જુનું થઈ ગયું, કંઈ નવી વાત કરો. જેમ નરેન્દ્ર મોદી જે રીતે વાત કરે છે ત્યારે આપણને ઘણી વખત થોડું વધારે લાગે છે. પણ એ શક્ય છે અને એ જે બોલે છે એ થોડાક જ વર્ષમાં થવાનું છે. સૌથી પહેલાં માણસે સાઈકલ બનાવી, લોકોએ એવું કહ્યું કે સાઈકલ આવી જતાં લોકોના પગનું શું થશે ? અત્યારે પણ લોકો એમ જ કહે છે કે બધું જ એ.આઈ.થી થવા માંડશે તો માણસોએ શું કરવાનું ? પણ પોઝીટીવ જોવું પડશે, આપણે જાણ-અજાણમાં દુઃખ અને સુખ સાથે આ ફેરફારમાં જોડાવવું જ પડશે અને જે દેશ અથવા તો પ્રજા એ.આઈ.માં નહીં જોડાય તે ખૂબ જ પાછળ હશે. અને એ દુનિયાના નકશા ઉપરથી લગભગ ભૂંસાઈ જશે. માટે એ.આઈ.ને જવાબદારી વધારે અને આપણે એને સમજીને એનો ઉપયોગ કરવો જ રહ્યો. મેડીકલ ફિલ્ડમાં અત્યારે દર્દીને પોતાના દર્દના કારણો ઉપરથી લેબોરેટરી, રેડીયોલોજીના ઉપયોગથી ડૉક્ટર નિદાન કરે છે. બધા આનાથી ટેવાઈ ગયા છે. પહેલાના જમાનામાં એટલે કે ઋષિમુનિઓના જમાનામાં નાડી પકડી વૈદ્યો નિદાન કરતાં હતાં અને હજુ પણ ઘણા માણસો કહે છે કે તે નિદાન સાચું જ હતું. એવી જ રીતે અત્યારે દર્દીને કોઈપણ તકલીફ પડે તે એ ડૉક્ટર પાસે જાય, ડૉક્ટર દર્દીને શું થાય છે ? એ પૂછે અને એને જે મગજમાં નિદાન નક્કી થાય એ પ્રમાણે લોહી, પેશાબ, સોનોગ્રાફી, એક્સ-રે વગેરે કરાવે છે અને એના ઉપરથી તે રોગને યોગ્ય એવી દવા લખી આપે છે. જરૂર પડે તો સર્જરી કરવી, ના કરવી એ પણ નક્કી થાય છે. અને આપણે બધાં અત્યારે ટેવાઈ ગયા છે, અને એ સાચું છે. મોટા મોટા કોર્પોરેટ દવાખાના બનતા જ જાય છે. લોકો બતાવે છે અને સારા પણ થાય છે. તો એ.આઈ.થી શું નવું થશે ? તો એ.આઈ.થી શરીરમાં એક નાની ચીપ વડે કોમ્પ્યુટરને જોડી અને ચીપને એનાલીસીસ કરવાનું કહીશું તો સેકન્ડના છઠ્ઠા ભાગમાં આપણને નિદાન આપી દેશે. એ કેવી રીતે ? અત્યારે આ વાત સાંભળતા આપણને હસવું આવે છે અને એમ પણ લાગે કે આ ખોટા સમાચાર છે, આવું કદી થઈ જ ન શકે ? અને થાય તો કેવી રીતે થાય ? ભાઈ એમાં એવું હોય આ ખાલી ગપ્પા અથવા તો આશરે ફેન્ટસી નથી. જે ચીપ બનાવી છે એ ચીપ બનાવવામાં લાખ્ખો, કરોડો દર્દીઓના ડેટા એક સોફ્ટવેરમાં નાખવામાં આવે, સોફ્ટવેરને અપગ્રેડ કરવામાં આવે અને એને કહેવામાં આવે કે ભાઈ શરદીમાં ક્યા કારણ હોઈ શકે ? શરદી થાય ત્યારે દર્દીને શું થાય ? કેટલા પ્રકારની શરદી હોય ? આ બધા જ ડેટા કોમ્પ્યુટરમાં નાંખવામાં આવે અને નાંખ્યા પછી એની ચીપ બનાવવામાં આવે અને ચીપ વડે જ્યારે સુપર કોમ્પ્યુટરને પૂછવામાં આવે કે દર્દીને આ કારણો છે. તો નિદાન કરી આપો. તો તરત જ સુપર કોમ્પ્યુટર જવાબ આપી દેશે કે તમે જે દર્દીની વાત કરો છો તે દર્દીને આ દર્દ છે. એટલું જ નહીં પણ એની સામે દુનિયામાં મળતી દવા પણ નાંખેલી હોય તેથી તે સુપર કોમ્પ્યુટર એ દવાનું નામ પણ આપી દેશે. સાચું નથી લાગતું નહીં ? હા ભાઈ, અત્યારે આ ગપ્પુ લાગે છે પણ આ સત્ય છે અને થોડાક જ વર્ષમાં આ ટેકનોલોજીનો ઉપયોગ કરતા આપણે બધાં જ થઈ જઈશું. ત્યારે સવાલ થાય કે ભણેલા-ગણેલા, ડૉક્ટરો, મેડીકલ કોલેજો આ બધાનું શું થશે ?

(ક્રમશઃ)

# ડૉ. કેશુભાઈ દેસાઈ : ગુજરાતી ભાષાના સમર્થ સર્જક : એક પરિચય




ગુજરાતી સાહિત્યમાં આજે અમુક સર્જકો વચ્ચે અનેક પ્રકારના ગજગ્રાહ ચાલી રહ્યા છે. સાહિત્યમાં આજે કટોકટીનો સમય ચાલી રહ્યો છે. પક્ષાપક્ષી અને રાજનીતિ ચાલી રહી છે. ત્યારે આવા સમયે આ બધા જ આવરણો અને આડંબરોથી પર એવા એક સર્જક આપણી વચ્ચે છે. કે જેઓ છેલ્લા ચાલીસેક વર્ષથી સાહિત્ય ક્ષેત્રે પોતાની કલમ ચલાવીને આપણી ભાષાને સમૃદ્ધ કરી છે. અને ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

ડૉ. કેશુભાઈ દેસાઈ ગુજરાતી સાહિત્યનું એક સક્ષમ નામ છે. એમનો પ્રથમ પ્રેમ ભલે કવિતા રહ્યો હોય પણ એમનું વિશેષ ખેડાણ તો નવલકથા અને ટૂંકીવાર્તા ક્ષેત્રે જ રહ્યું છે. ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના ખેરાલું ગામના એક ખેડુત પરિવારમાં છઠ્ઠા સંતાન તરીકે જન્મ લેનાર આ સર્જકનું પ્રાથમિક – માધ્યમિક શિક્ષણ એ ગામની શાળાઓમાં જ થયું છે. પરંતુ સ્કૂલ શિક્ષણમાં હંમેશાં દરેક પરીક્ષાઓમાં પ્રથમ સ્થાન આવવું એ એમની નિયતિ બની રહે છે. છતાંય આ સર્જક વિદ્યાર્થીમાં એ વખતે પણ ક્યારેય કોઈના પ્રત્યે સ્પર્ધાત્મક ભાવ જાગ્યો નહોતો. બીજાને પછાડીને આગળ આવવાના આ સર્જકે ક્યારેય કોઈ પ્રયત્નો કર્યા નથી. એમના જીવનમાં જે કાંઈ થયું છે તે માત્ર અને માત્ર પરિશ્રમથી જ થયું છે. અને થોડો ઘણો ભાગ નિયતિનો ય ખરો.

પરિશ્રમના પ્રાંગણમાં આ યુવા સર્જક છેક એમ.બી.બી.એસ.ની ડિગ્રી લઈને ડોકટર તો બની જાય છે. પણ આ અભ્યાસગાળામાં સુરેશ જોશી જેવા સમર્થ સર્જક પાસે એક વર્ષ સાહિત્યનો અભ્યાસ કરવાનું ય સદભાગ્ય મળે છે. અને આંતરિક જગત આખું ય બદલાઈ જાય છે. જો કે શ્રી કેશુભાઈ દેસાઈ શરૂથી જ ગમે તેવા સત્યને ડર્યા વિના રજુ કરી દે એવી નૈતિક હિંમત ધરાવે છે અને આ જ કારણે તેઓ એ ચાલુ ક્લાસે સુરેશ જોશીની 'ઘટનાલોપ'' ની થિયરીની ઠેકડી ઉડાડતા કહેલું કે '' સાહેબ, તમારી આ ઘટનાલોપવાળી થિયરી યૂનિવર્સિટીઓના કબાટોમાં ક્યાંય પુરાઈ જશે અને મેઘાણી, મડિયા કે પન્નાલાલ પટેલ શરદચન્દ્રની જેમ સો વર્ષ પછી પણ વંચાતા રહેશે.'' અને એમની એ વાત સાચી પણ નીકળી.



ડૉ. કેશુભાઈના અંગત જીવનમાં અનેક અભાવો હોવા છતાંય તેમણે હંમેશાં વિપરિત સંજોગોમાં અતિસંઘર્ષ કર્યો છે. તેઓ એક સમયે રાજકારણ અને સાહિત્યજગતમાં છવાઈ જવાની ઘેલછા લઈને જીવતા હોવાનું તેમણે એક મુલાકાતમાં કબૂલ્યું છે. જ્યારે તેઓ ધો. ૯માં અભ્યાસ કરતા હતા ત્યારે તેમણે વાર્તાલેખનનો પ્રારંભ કર્યો હતો. પરંતુ આ સર્જકની કરૂણતા એ છે કે તેમણે સૌ પ્રથમ એક લઘુનવલ 'કલેશણ' ડાયરીઓના પાના પર લખેલી જે આખી ડાયરી જ ખોવાઈ જતા એ લઘુનવલ આજદિન સુધી પ્રગટ થઈ શકી નથી. લેખકને એનું દુઃખ પ્રથમ બાળક જન્મ્યા વિના જ મૃત્યુ પામે એવી વેદના આ સર્જક અનુભવે છે.

કેશુભાઈ એમના લેખનના આરંભે પન્નાલાલ પટેલથી પ્રભાવિત હતા તેવું તેઓ એક મુલાકાતમાં જણાવે છે. કેમ કે તેઓ ખુદ ઘણીવખત પોતાની આસપાસ પન્નાલાલની હાજરીનો અનુભવ કરતા હતા. આ સર્જકની ગુજરાતી સાહિત્યમાં પ્રથમ બે નવલકથા 'વન વનનાં પારેવા' અને 'જોબનવન' થી ઓળખ બની છે. અને પછી તો આ નવલયાત્રા અવિરતપણે ચાલી છે. સાંપ્રદાયિક સમસ્યા ઉપર આલેખાયેલી એમની કીર્તિદા કૃતિ 'ઊધઈ' ખુબ જ લોકપ્રિય બને છે. જે અનેક યુનિવર્સિટીઓના અભ્યાસક્રમમાં ય સ્થાન પામે છે. તો વળી 'હોળાષ્ટક' અને 'લીલોદુકાળ' એમની કલાત્મક અને નોંધપાત્ર નવલકથાઓ છે. 'લેડિઝ હોસ્ટેલ' અને 'વ્હાઈટ હાઉસ' આધુનિક સંવેદના લઈને આવતી નવ્યનવલો છે. તો વળી તાજેતરમાં આવેલી 'શૂદ્રાવતાર' મહાભારતના રચયિતા વ્યાસની કલમેથી ઉપેક્ષિત પાત્ર 'વિદુર' ને લઈને આધુનિક વર્ણ વ્યવસ્થા સામેના વિદ્રોહની સાંસ્કૃતિક ઘટના આલેખે છે. આ નવલકથા સર્જકની વૈચારિક અને ભાષાકીય ઊંચાઈ પણ દર્શાવે છે. આ સર્જકે સ્ત્રીઓની સંવેદનાઓ, સર્વહારા સમુદાયોની, ગ્રામીણ પ્રજાની વેદના, સાંપ્રદાયિક ઘટનાઓ વગેરે વિષયો પર અનેક નવલકથાઓ આલેખી છે. વતનઝૂરાપો અનુભવતા એન.આર.આઈ. સમૂદાયની સંવેદનશીલ નવલકથા 'વ્હાઈટ હાઉસ' પણ છે તો 'વંશવૃક્ષ, મેડમ, ફૂલજોગણી અને ધર્મયુદ્ધ' જેવી નવલકથાઓ પણ ખુબ જ નોંધપાત્ર બની છે.

આ સર્જકના સર્જનની મૌલિકતા એ છે કે તેઓ ખુદવફાઈ રહ્યા છે. જાતને છેતરીને કશું ય લખતા નથી. એમની કલમમાં સચ્ચાઈનો એક રણકો સાંભળવા મળે છે. કોઈનું અનુકરણ કે અનુસરણ નથી નખશિખ મૌલિક વાત લઈને આવે છે આ સર્જક.

ટૂંકીવાર્તા ક્ષેત્રે પણ પન્નાલાલ પટેલ અને રમણલાલ જોશીની પ્રસંશા પામેલા આ સર્જકની સજ્જતા વિશે ડૉ. સતીશ વ્યાસ, કનુભાઈ જાની અને રઘુવીર ચૌધરી જેવા સર્જક વિવેચકોએ પણ નોંધ લીધી છે.

આ સર્જકના વાર્તા સંગ્રહોમાં 'પ્રાતઃરૂદન, ઝરમરતા ચહેરા, વનરાવન, ઉંદરઘર, પુરુષજાત, આગાહી, સોડ' સી જાણીતા વાર્તાસંગ્રહો છે.

આ સર્જકની કલમ સાહિત્યના બીજા સ્વરૂપો ઉપર પણ ચાલી છે. શોધીએ એવો સૂરજ, એક ઘર જોયાનું યાદ, મૈં કછું નહી જાનું, માણસ હોવાનો મને વહેમ વગેરે એમના નિબંધ સંગ્રહો છે. તો વળી 'દીકરી સંગે દેશાટન' એમની ખુબ જ આદર પામેલી પ્રવાસકથા છે. પાંખ વિનાના પંખેરું, મારગ મળિય માધુ, સકળ લોકમાં સહુને વંદું, સૂરજના હસ્તાક્ષર એમના રેખાચિત્રો, ચરિત્રો છે. અમે કરીશું પ્રેમ, પૂરણપોળી લઘુવાર્તા સંગ્રહ છે. આ સર્જકે નાટકો ઉપર પણ એમની કલમ ચલાવી છે રણછોડરાય, પેટ, પટકથા, ભ્રમરગતિ – એમના નાટકો છે. ઉમળકો એ આસ્વાદક પુસ્તક છે. શહેનશાહ, બાવજી સ્મૃતિકથા છે,

સર્જનની સાથે સાથે આ સર્જકે અનુવાદ ક્ષેત્રે પણ ખુબ કામ કર્યું છે. જેમાં 'પડકાર' (કિરણ બેદીની જીવનરેખા), સેવાસદન (પ્રેમચંદની નવલકથા), ઈલા (પ્રભાશંકર ક્ષોત્રિયના નાટકનો અનુવાદ) સાંઈબાબા : ઈશ્વરના પગલા પૃથ્વી પર (શિરડી સાંઈબાબાનું જીવનવૃત) હમ હોંગે કામયાબ (અબ્દુલ કલામનો બાળકો સાથે સંવાદ – અંગ્રેજી પરથી ગુજરાતી) વગેરે નોંધપાત્ર છે.

આ સર્જકે કુલ સોથી વધારે પુસ્તકોનું સર્જન કર્યું છે. આ સર્જકની કલમની મૌલિકતા અને સચ્ચાઈ જોઈને 'ભારતીય જ્ઞાનપીઠની સર્વોચ્ચ પસંદગી સમિતિના સદસ્ય તરીકે તેમની નિમણુંક કરવામાં આવી હતી આ એક ગૌરવ લેવા જેવી ઘટના છે.

આ સર્જકની અનેક નવલકથાઓ, વાર્તાસંગ્રહો તથા અન્ય પુસ્તકોના હિંદી, મરાઠી, પંજાબી, તમિલ, તેલુગુ, કન્નડ, બંગાળી, ઉડિયા અને અંગ્રેજી જેવી ભાષાઓમાં અનુવાદો થયા છે. દેશની અનેક યુનિવર્સિટીઓના અભ્યાસક્રમોમાં એમની કૃતિઓ પસંદગી પામેલી છે.


આ સર્જકને દેશભરમાંથી અનેક પુરસ્કારો, સન્માનો મળેલા છે. હિંદી સાહિત્ય સંમેલન- પ્રયાગ તરફથી વર્ષ-૨૦૧૫ નો સાહિત્ય વાચસ્પતિ પુરસ્કાર મળ્યો છે. આ સન્માન ગાંધીજી, ઈન્દિરા ગાંધી, મદનમોહન માલવીય, કાકા કાલેલકર, મુનશીને પણ

**અનુસંધાન પાના નં. ૭ પર**

# એની ટાઈમ ઈઝ એ 'ગાંઠીયા' ટાઈમ ...!!!




'સવારમાં ખાવ ચાને ગાંઠીયા પછી ક્યાંથી હાલે ટાંટિયા..' આવું કહેવાય છે પણ ગુજરાતીઓ અને ખાસ કરીને સૌરાષ્ટ્રવાસીઓ માટે આ કહેવત બિલકુલ લાગુ નથી પડતી . ગુજરાતમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ગાંઠીયા ખાધા પછી જ જોમ, જુસ્સો અને તાકાત આવે છે..!મોટાભાગનાની સાચી સવાર જ પચ્ચા ગાંઠીયા ખાધા પછી જ પડે ...! ગાંઠીયામાં વિટામીન ભરપુર માત્રામાં હોય અરે ડોકટરો પણ બિ૧૨ ની કમી વખતે પ્રિસ્ક્રીપશનમાં લખ્યા વગર કહી દ્યે કે 'હવાર હાંજ દહ દહના ફાફડા ખાતા જાવ ....કિરપા આતી રહેગી...! 'જોક્સ એ પાર્ટ ગાંઠીયા ગુજરાતી નાસ્તો છે એમ કહેવું એના કરતા એમ કહેવું વધારે ઉચિત છે કે ગાંઠિયા એ ગમે ત્યારે કરાતો નાસ્તો છે... ગાંઠીયા ઘણા માટે લંચ પણ છે ને ડીનર પણ...! એનીટાઈમ ઈઝ એ ગાંઠીયા ટાઈમ વિથ ચા...! યસ્સસ્સ્સ ખાસ કરીને સૌરાષ્ટ્રની વાત કરીએ તો ત્યાં તો સવાર જ ગાંઠિયાથી પડે અને રાત પણ ગાંઠિયાથી જ ...! ગમે ત્યારે અને કોઈ પણ સમયે 'વીહ ના વણેલા આપજે' કે પછી 'હાય્લ પચ્ચા પચ્ચા ફાફડા ખાઈ...' આવું કહેવું અને સાંભળવું સૌરાષ્ટ્રમાં સાવ એટલે સાવ જ કોમન છે ...! ગાંઠીયા સૌરાષ્ટ્રનું ઓફીશીયલ ફૂડ છે એમ કહેવું જરાય અતિશયોક્તિવાળું નથી જ...! ગાંઠીયા એ સૌરાષ્ટ્રનું ઓરીઝનલ ' ફાસ્ટ ફૂડ' કહી શકાય ...!



ઉપરના આખા પેરેગ્રાફમાં સૌરાષ્ટ્ર સૌરાષ્ટ્ર વાંચી વાંચીને એવું રખે માનતા કે ગાંઠિયા ખાલી સૌરાષ્ટ્રમાં જ ખવાય છે...ના ભૂરા નાઆઆઆ ...! ગાંઠિયા આખાયે ગુજરાતમાં ખવાય જ છે અને એટલું જ નહિ પણ ' જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત'ની જેમ ' જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં ત્યાં અચૂક હોય ગાંઠીયા'!! અમદાવાદ હોય કે એમ્સટરડેમ... લંડન હોય કે લાલપુર... કલકત્તા હોય કે કોડીનાર બધે ગાંઠીયા હાજર છે જ, હા શર્ત એટલી કે ત્યાં ગુજરાતી હોવો જોઈએ...! જગતની માલીપા ગાંઠિયા ઉપરવાળાની જેમ બધે જ હાજરાહજૂર છે ....હા ક્યાંક ગરમાગરમ ..તાજેતાજા ખવાય છે તો જ્યાં આ સગવડતા ઉપલબ્ધ નથી ત્યાં પેક્ડ ખવાય છે પણ ખવાય છે તો ખરા જ...! ગાંઠિયા એ ગુજરાત અને ખાસ તો સૌરાષ્ટ્રવાસીઓએ સ્વાદ-રસિક જનતાને આપેલી અદ્ભુત વાનગી છે...!

હા પણ આગળ લખ્યું એમ સૌરાષ્ટ્રને અને ગાંઠીયાને અતુટ નાતો છે . સૌરાષ્ટ્રમાં પ્રસંગ કોઈ પણ હોય ગાંઠીયા તો હોય હોય ને હોય જ...! લગ્ન હોય તો જાનના નાસ્તામાં એય ને ગરમાગરમ ફાફડા-જલેબી ને એની હાયરે ઘોલર મરચા , કાચી કેરી-ગાજર-ટામેટાનું મસ્ત મજાનું કચુંબર, કોથમીર-ફૂદીનાની લીલી ચટણીને અમુક જગ્યાએ મસ્ત મજાનું ઠંડું દહીં તો હોય જ. ગાંઠિયા બધે જ છે - સર્વવ્યાપી જ કહી દ્યો ને...! સવારના નાસ્તામાં ગાંઠિયા તો હોય જ... મરણમાં પણ ગાંઠિયા હોય ને જનમમાં પણ ગાંઠિયા જ હોય..! ગાંઠિયા એ સૌરાષ્ટ્રવાસીઓ માટે ખાલી હવારનો નાસ્તો નથી પણ ઓલ ડે એની ટાઈમ સેલિબ્રેશન છે...! જી હા સૌરાષ્ટ્રમાં ગમે ત્યારે ગાંઠિયા ખવાય... વહેલી હવારે ને અર્ધી રાત્રે પણ...! રાજકોટ, જામનગર કે જુનાગઢ કે બીજે ક્યાય પણ તમને અર્ધી રાત્રે બીજું કાઈ મળે કે ના મળે પણ ગરમાગરમ ગાંઠીયા અચૂક મળે જ..! ગુજરાતમાં બીજે બધે મળતા ગાંઠીયા જો બનાવનાર સૌરાષ્ટ્રવાસી ના હોય તો ઠંડા જ મળવાના પણ રાજકોટ જામનગર કે આખાયે સૌરાષ્ટ્રમાં જો ગાંઠીયા ઠંડા આપવામાં આવે તો અચૂક તલવારું ઉલળે... ધીંગાણા થઈ જાય ભાઈઈઈઈ...! જી હા ગાંઠિયા ગરમાગરમ જ ખાવાની મજ્જો આવે... ઠંડા તે કાઈ ગાંઠિયા ખવાતા હશે...? એના કરતા તો ભુખ્યું રે'વું હારું ....! હુહહ્હ્હ ..!

ગાંઠીયા સૌરાષ્ટ્રવાસીઓ માટે બંધાણ છે... હા તો એમાં ખોટું શું છે ? દરેક પ્રદેશ કે શહેરની પોતપોતાની આગવી વાનગી હોય છે અને એના રહેવાસીઓ એના બંધાણી હોવાના જ . અને આ કાઈ ખાલી સૌરાષ્ટ્રવાસીઓનું બંધાણ થોડું છે હવે તો ' સૌરાષ્ટ્ર ફરસાણ ' જેવા બોર્ડો લગભગ દરેક શહેરમાં જુલતા થઈ ગયા છે અને સૌરાષ્ટ્ર સિવાયના શહેરોમાં પણ ગાંઠિયાના બંધાણી છે જ. હા એ અલગ વાત છે કે અમદાવાદ જેવા શહેરમાં મોટાભાગના ગાંઠિયાના કારીગરો નોન-કાઠીયાવાડી છે..! આમાં ક્યાંથી અસ્સલ ગાંઠીયા ખાવા મળે ...? બીકોઝ અસલ કાઠીયાવાડી ગાંઠીયા બનાવવા હર કિસી કે હાથ કી બાત નહિ હે ..! અને ઈટ્સ ફેક્ટ કે સૌરાષ્ટ્ર જેવા ઓથેન્ટિક ગાંઠિયા તો માત્રને માત્ર સૌરાષ્ટ્રમાં જ મળે ..! ઈવન અમદાવાદ કે વડોદરા કે બીજે ક્યાય પણ ભલે ને બનાવનાર કાઠીયાવાડી હોય તો પણ સૌરાષ્ટ્રમાં મળતા ગાંઠિયાનો અસલ્લ્લ સ્વાદ મિસિંગ લાગે લાગે ને લાગે જ ...! અને એ તફાવત અનુભવવા માટે એકાદવાર ગોંડલના , રાજકોટના કે સૌરાષ્ટ્રના કોઈ પણ ગામના ગાંઠીયા ખાવા પડે...! આ લખનારના સ્વાદિષ્ટ નિરીક્ષણ પરથી એવું જાણવા મળે છે કે લીંબડીથી જેમ જેમ સૌરાષ્ટ્ર બાજુ જતા જાવ એમ એમ ઉચા માયલા ગાંઠીયા મળતા થાય...! ડોન્ટ લાફ... આ હકીકત છે ..! લીંબડીથી રાજકોટમાં મસ્તીના ગાંઠિયા મળે એનાથી આગળ જાવ તો ગોંડલના ગાંઠીયા 'ધી બેસ્ટ' ...એનાથી આગળ કેશોદ કે જુનાગઢ બાજુ એનાથીયે ટનાટન ગાંઠિયા...! અને આવા મસ્ત પોચા અને સ્વાદિષ્ટ ગાંઠીયા બનાવવામાં વોશિંગ પાઉડર વપરાય છે એવી વાતો તો વિરોધીઓનું કાવતરું છે.. સખ્ત વિરોધ આપણો એ બાત પર ...!!! હકીકતે એનું કારણ રો-મટીરીયલ અને બનાવનારની હથોટી જ છે..!

સકલ બ્રહ્માંડમાં તો નહિ પણ સકલ સૌરાષ્ટ્રમાં ગાંઠીયા 'હરી તારા નામ છે હજાર' ની જેમ અનેકો સ્વરૂપે મળે છે . આરપાર જોઈ શકાય એવા પારદર્શી અને મોમાં નાખો ત્યાં ઓગળી જાય એવા ફાફડા તો ઓલટાઈમ હીટ ને હોટ છે જ તો કમનીય વળાંકોવાળા વણેલા ગાંઠીયા તો સરેઆમ ઉપલબ્ધ હોય જ છે પણ એ સિવાય પણ ફાફડાના મીની સ્વરૂપ જેવી તીખી અને મોળી બંને સ્વાદમાં ઉપલબ્ધ પાપડી પણ એટલી જ ફેમસ છે. ભાવનગર બાજુ જથ્થાબંધ મરી નાખેલા ભાવનગરી ગાંઠીયા

**અનુસંધાન પાના નં. ૭ પર**